

# સત્સંગ વિહાર ચેલેન્જ





:: રજૂકર્તા ::
બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય
અમદાવાદ

## ૧૯. આપણે કોણ ?

કોઈ તમને પૂછે : તમારો **ધર્મ** કયો ? તમે તરત જ કહેશો: **હિંદુ** વળી. બીજો પ્રશ્ન પૂછે : તમારો સંપ્રદાય કયો ? હવે તમે શું કહેશો ? આ પાઠમાં એનો જવાબ મળશે.

બાળમિત્રો, હિંદુધર્મમાં ઘણા સંપ્રદાયો છે. સૌમાં ભગવાનને પામવાના માર્ગો દર્શાવાયા છે, પરંતુ એ બધામાં આપણો '**સ્વામિનારાયણ સંપ્રદાય**' વિશિષ્ટ છે. વેદ-ઉપનિષદમાં બ્રહ્મ અને પરબ્રહ્મનો એટલે કે અક્ષર અને પુરુષોત્તમનો સિદ્ધાંત પડ્યો જ છે. શ્રીજી મહારાજે પ્રગટ થઈ તેનો પ્રસાર કર્યો. અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સને ૧૯૦૭માં **બી.એ.પી.એસ. સંસ્થા**ની સ્થાપના કરી, એ જ્ઞાન મૂર્તિમાન કર્યું.

હવે ત્રીજો પ્રશ્ન : આપણે સ્વામિનારાયણ સંપ્રદાયના - **બી.એ.પી.એસ.ના સત્સંગી ક્યારે કહેવાઈએ ? ઉપાસના અને આજ્ઞા દૃઢ હોય ત્યારે.** આજ્ઞા અને ઉપાસના જ અક્ષરધામમાં જવાની બે પાંખો છે.

- **<u>ઉપાસનામાં આપણે ૪ વસ્તુ માનવાની છે</u>**

વેદાદિક શાસ્ત્રોના સાર એવા વચનામૃત અને સ્વામીની વાતો અનુસાર આપણે ઘણી બાબતો માનવાની છે, પરંતુ તેમાં મુખ્ય નીચેની ૪ છે :

૧. **સહજાનંદ એક પરમેશ્વર** (શ્રીજી મહારાજ કર્તાહર્તા, દિવ્ય-સાકાર, સર્વોપરી અને પ્રગટ છે.)
૨. **ગુણાતીતાનંદ મૂળ અક્ષર** (ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે.)
૩. **પ્રગટ સત્પુરુષ મોક્ષનું દ્વાર** (પ્રગટ અક્ષરબ્રહ્મ પ્રમુખસ્વામી મહારાજ મોક્ષનું દ્વાર છે.)
૪. **બી.એ.પી.એસ. અસ્મિતા** (બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો, ગ્રંથો, પરંપરા વગેરે પરમ સત્ય છે.)

- **<u>આજ્ઞામાં આપણે ૮ વસ્તુ કરવાની છે</u>**

શિક્ષાપત્રી મુજબ આપણે ઘણી બાબતો કરવાની છે, પરંતુ બાળકો માટે હાલ વધુ જરૂરી ૮ બાબતો નીચે મુજબ છે :


બાળકો માટે હાલ વધુ જરૂરી ૮ બાબતો નીચે મુજબ છે :

**૧. કંઠી** (કંઠી પહેરી શ્રીજી મહારાજનો આશરો કરવો.)

**૨. પૂજા-પંચાંગ** (તિલક-ચાંદલા સહિત પૂજા કરવી. માતા-પિતાને પંચાંગ પ્રણામ કરવા.)

**૩. બાળસભા-ઘરસભા** (નિયમિત અને સમયસર બાળસભામાં જવું. ઘરસભામાં બેસવું.)

**૪. આરતી-અષ્ટક** (ઘરમંદિરમાં કે વ્યક્તિગત બે સમયે આરતી-અષ્ટક કરવાં.)



**૫. આહારશુદ્ધિ** (ડુંગળી-લસણનો ત્યાગ કરવો. બજારુ ખાણી-પીણી અને વ્યસનનો ત્યાગ કરવો. એકાદશી (ફરાળી કે સજળા કે નિર્જળા) કરવી.)

**૬. વાંચન-પરીક્ષા** ('સત્સંગ વિહાર' પુસ્તિકાઓનું રોજ વાંચન કરવું. 'સત્સંગ વિહાર' પુસ્તિકાઓની પરીક્ષા ફરજિયાત આપવી.)

**૭. કુસંગ ત્યાગ** (ખરાબ મિત્રો, સિનેમા-સિરિયલનો ત્યાગ કરવો.)

**૮. સારો અભ્યાસ** (રોજ ૩ કલાક વિશેષ અભ્યાસ કરવો.)

- **<u>આપણું તત્ત્વજ્ઞાન</u>**

બાળમિત્રો, આપણું તત્ત્વજ્ઞાન સાવ સરળ છે. એ નીચેનાં બે નાનાં ગીતરૂપે રજૂ કરીએ છીએ.

**• પંચતત્ત્વ ગીત**

જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ;
આપ્યું શ્રીજી મહારાજે, પંચતત્ત્વ-જ્ઞાનમ્...
જીવ, ઈશ્વર માયામાં, અનાદિથી અટવાય;
અક્ષરબ્રહ્મનો સંગ થાતાં, પરબ્રહ્મ પમાય...

**• ઉપાસના ગીત**

સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ...
આત્મા ને પરમાત્મા, બ્રહ્મ અને પરબ્રહ્મ...
સ્વામી તે ગુણાતીત સ્વામી,
નારાયણ સહજાનંદ સ્વામી...
અક્ષર તે ગુણાતીત સ્વામી,
પુરુષોત્તમ સહજાનંદ સ્વામી...
અક્ષરપુરુષોત્તમ ઉપાસના... (૨)...
અક્ષરરૂપ થઈને, પુરુષોત્તમની,
ભક્તિ કરવાની આ સાધના...
અક્ષરરૂપ થવું એટલે અક્ષર જેવા થાવું,
પ્રગટ અક્ષર પ્રમુખસ્વામી મહારાજ જેવા થાવું...
પુરુષોત્તમની ભક્તિ એટલે પ્રેમ શ્રીજીમાં કરવો,
સર્વોપરી સાકાર પ્રગટ કર્તાનો નિશ્ચય કરવો...
આદર્શ બાળક થઈને, એકમના રહી,
અક્ષરધામે જાવાની આરાધના...
અક્ષરપુરુષોત્તમ ઉપાસના... (૨)...

**અંતે આટલું યાદ રાખીએ : હું ધર્મથી હિંદુ છું. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયનો અનુયાયી છું. શ્રીજી મહારાજનો આશ્રિત છું. પ્રમુખસ્વામી મહારાજનો શિષ્ય છું.**

સત્સંગ વિહાર ચેલેન્જ

પાઠ : ૧૯

# આપણે કોણ ?

## 'અક્ષરધામનું પ્લેન...'




ચેલેન્જ ૦૧

:: જરૂરી સામગ્રી ::

કાગળ , પેન

:: કોણ જોડાશે ::

પરિવારના દરેક સભ્યો

:: રીત ::

- ઘરના દરેક સભ્યોએ નીચેની લીંકમાં જણાવેલ રીત પ્રમાણે એક સરસ પ્લેન બનાવવું,
- હવે આ પ્લેનની એક પાંખ ઉપર 'આજ્ઞા' શબ્દ લખવો. આ પાંખની નીચેની બાજુએ પાઠમાં આપેલ ૮ આજ્ઞાઓ લખવી. હવે પ્લેનની બીજી પાંખ ઉપર 'ઉપાસના' શબ્દ લખવો. આ પાંખની નીચેની બાજુએ ઉપાસનાના ૪ મુદ્દા લખવા. હવે પરિવારના બધા સભ્યોએ લાઈનમાં ઊભા રહેવાનું છે. બધાએ હવે એકસાથે પ્લેન એવી રીતે ઉડાવવાનું છે કે જેથી પોતાનું પ્લેન સૌથી દૂર પહોંચે. આ રીતે ત્રણ વખત પ્લેન ઉડાડવાના છે. જે સભ્ય સૌથી દૂર સૌથી વધુ વખત પ્લેન પહોંચાડશે તે સભ્ય વિજેતા જાહેર થશે.

વિડિયો દર્શન : Click Here



### મનન

પ્લેનની બંને પાંખ જો વ્યવસ્થિત હતી તો પ્લેન કેટલું બધું દૂર સુધી ગયું.
તેવી જ રીતે જો 'આજ્ઞા' અને 'ઉપાસના' રૂપી પાંખો
આપણા જીવનમાં દૃઢ હશે તો આપણે પણ અક્ષરધામ સુધી ચોક્કસ પહોંચીશું.

## 'શીઘ્ર વક્તૃત્વ...'



ચેલેન્જ ૦૨

:: જરૂરી સામગ્રી ::

કાગળ , પેન , બાઉલ

:: કોણ જોડાશે ::

પરિવારના દરેક સભ્યો

:: રીત ::

- કાગળ લઈ તેની ૮ ચિઠ્ઠી બનાવવી. આ બધી જ ચિઠ્ઠી પર પાઠમાં આપેલ એક-એક આજ્ઞાઓ લખવી. તૈયાર કરેલી બધી ચિઠ્ઠી બાઉલમાં રાખવી. વારાફરતી ઘરના તમામ સભ્યોએ એક ચિઠ્ઠી ઉપાડવી અને તેમાં જે આજ્ઞા આવે તેના ઉપર બે મિનિટ સુધી બોલવું.



### મનન

બાળમિત્રો, આપણે આ દરેક આજ્ઞાઓ વિશે બોલ્યા તો ખરા,
પણ જો એ આજ્ઞાઓ જીવનભર દૃઢતાથી પાળીશું, તો આપણું અક્ષરધામ પાક્કું!

પાઠ : ૧૯

# આપણે કોણ ?

સત્સંગ વિહાર ચેલેન્જ



ચેલેન્જ ૦૩

## 'અભિનય ગીત...'

:: જરૂરી સામગ્રી ::
સ્માર્ટ મોબાઈલ

:: કોણ જોડાશે ::
તમે અને તમારા ભાઈબહેન

:: રીત ::

- નીચેની લીંકમાં આપેલ પંચતત્ત્વ ગીત અને ઉપાસના ગીત સાંભળવા, સાથે ગાવા અને તેના પર એક્શન સાથે નૃત્ય રજૂ કરવું.

ગીત : Click Here



**મનન**

પાંચ અનાદિ તત્વોને સમજીએ.
ઉપાસનાના ચાર મુદ્દા અંતરમાં દૃઢ કરીએ.

બાળમિત્રો, તમે પાઠનું વાંચન પણ કરી લીધું અને ચેલેન્જ દ્વારા તે પાઠની દૃઢતા પણ કરી લીધી.
હવે, તૈયાર થઈ જાઓ આ પાઠની પરીક્ષા આપવા માટે.
નીચે આપેલી લીંક દબાવો અને આ પાઠમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો.

ગુજરાતી Click Here

English Click Here

## પાઠ : ૧૯

# આપણે કોણ ?

સત્સંગ વિહાર ચેલેન્જ




બાળમિત્રો,

સત્સંગ વિહાર ચેલેન્જમાં આપે જે ચેલેન્જ પૂરી કરી તેનો ફોટોગ્રાફ પાડીને અમને મોકલી આપશો. હવે આગળના દિવસોમાં જે ચેલેન્જ આપને પ્રાપ્ત થશે તેમાં સિલેક્ટેડ ફોટોગ્રાફ્સ મૂકવામાં આવશે.

**ફોટાની અંદર જ તમારું નામ અને શહેરનું નામ અવશ્ય લખીને મોકલશો.**

નીચેની લીંક દબાવી તેના ઉપર આપના ફોટોગ્રાફ્સ અપલોડ કરશો.

**ફોટો અપલોડ Click Here**

૧. ચેલેન્જ દીઠ એક જ ફોટોગ્રાફ મોકલશો.

૨. આજની ચેલેન્જ સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી કે પ્રવૃત્તિના ફોટોગ્રાફ મોકલશો નહીં.

**જય સ્વામિનારાયણ**